## શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલના નિષ્ણાત ડૉક્ટરો અને કર્મચારીઓની ટીમ



## શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના કાર્યકરોની ટીમ



શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ

Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005


**સંપર્ક માટેનું સરનામું :**

**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ**

C/o. શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ

કલિકુંડ રોડ, અટલ સરોવરની સામે, ધોળકા - ૩૮૨૨૨૫. જિ. અમદાવાદ

ફોન. : મો. ૯૮૨૫૪ ૧૫૩૧૯ / ૦૨૭૧૪ - ૨૨૩૩૬૪ Email : vkaushal2000@gmail.com

**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ**

**હેડ ઑફિસ :** ઈન્સ્પિરૅાન એન્જિનિયરિંગ પ્રા.લિ. ઓઢવ જીઆઈડીસી પાસે, ઓઢવ,

અમદાવાદ- ૩૮૨૪૧૫. ફોન નં. : ૦૭૯-૩૦૨૧૨૦૦૦


# શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ



## વાર્ષિક અહેવાલ
## ૨૦૨૧-૨૨











શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ

Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005

# ટ્રસ્ટીઓનું નિવેદન :

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ આપ સૌની સમક્ષ રજૂ કરી રહ્યા છીએ.

આમ તો, ટ્રસ્ટની સ્થાપના સમયે ટ્રસ્ટના દૂરદર્શિતા / ધ્યેય (Vision) અને કાર્ય (Mission) નક્કી કરીને જ ટ્રસ્ટ કાર્યરત થયું હતું તે બાબતને આપ સૌની સમક્ષ શબ્દોમાં મૂકીએ છીએ.

**દૂરદર્શિતા / ધ્યેય (Vision) :** આવનારા વર્ષોમાં ગ્રામીણ યુવાધન રાષ્ટ્રના નવનિર્માણમાં મહત્વનું યોગદાન આપી શકે તે માટે પ્રાથમિક શાળાથી બાળકની સર્જનાત્મક શક્તિ અને તેનો આત્મવિશ્વાસ વિકસે તે માટે અભ્યાસક્રમને કેન્દ્ર સ્થાને રાખીને શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, પૂરક શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરશે.

**કાર્ય (Mission) :** ગ્રામીણ વિસ્તારમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સુષુપ્ત સર્જનાત્મકતા અને જિજ્ઞાસાવૃત્તિને ઉજાગર કરવા શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ સંબધિત શૈક્ષણિક કાર્ય કરશે.




કોવિડ-૧૯ વાઈરસના કારણે વીતેલું ૨૦૨૧-૨૨નું વર્ષ પણ અનિશ્ચિતતાઓથી ભરેલું હતું. સમાજના વિવિધ ક્ષેત્રોમાં કોવિડ-૧૯ ના વાઈરસનું સંક્રમણ ફેલાવાનો ભય આ વર્ષ દરમિયાન પણ એટલો જ યથાવત હતો.

આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રે વર્ષ ૨૦૨૧-૨૨ માં ટ્રસ્ટે કરેલી પ્રવૃત્તિઓની સંક્ષિપ્તમાં વિગતો આ વાર્ષિક અહેવાલમાં આપની સમક્ષ રજૂ કરતા આનંદ અનુભવીએ છીએ.

ટ્રસ્ટ દ્વારા મુખ્યત્વે વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન જે પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી તે નીચે મુજબ છે.

**આરોગ્ય :** અમારા પરિવારના આદરણીય સ્વ. શ્રીમતી સંતોકબા ભગવતીની સ્મૃતિમાં આપેલ અનુદાનથી શરૂ થયેલી શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ દ્વારા **છેલ્લા ૫૩ વર્ષથી** અવિરતપણે ધોળકા શહેરના નગરજનો અને ધોળકા શહેરની આસપાસના ગામોના જન સમુદાયને સારવારના અદ્યતન ઉપકરણો અને નિષ્ણાત અનુભવી ડૉક્ટરો દ્વારા તદ્દન રાહત દરે આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડી રહ્યા છીએ.

**શિક્ષણ :** વિદ્યાર્થીઓમાં કોવિડ-૧૯ ના વાઈરસનું સંક્રમણ ન ફેલાય તે હેતુસર પ્રાથમિક શાળાઓનું નવું શૈક્ષણિક સત્ર જૂન - ૨૦૨૧-૨૨માં તેનાં નિર્ધારિત સમયપત્રક મુજબ શરૂ થઈ શક્યુ નહોતુ. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કેવા પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું ? તે એક દ્વિધા તો હતી, તેમ છતાં વાર્ષિક આયોજનમાં ટ્રસ્ટે એવી પ્રવૃત્તિઓનો સમાવેશ કર્યો કે, જેમાં વિદ્યાર્થીઓનો મોટો સમૂહ એક સ્થળે ભેગો કરવો ન પડે અને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય પણ કરાવી શકાય.



૨૦૨૧-૨૨ ના શૈક્ષણિક વર્ષ માટે ટ્રસ્ટ દ્વારા જે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી તેમાં મુખ્યત્વે,

**ગુણવત્તાયુક્ત શિક્ષણ :**

**(૧) ટ્રસ્ટના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ શિક્ષણકાર્ય :**

**૧.૧ શેરી શિક્ષણ :** નવા શૈક્ષણિક સત્રની શરુઆતમાં જ્યારે શાળાઓ શરૂ થઈ નહોતી ત્યારે ટ્રસ્ટના શિક્ષકો નિયત સમય પત્રક મુજબ ગામમાં જઈને ધોરણ -૧ થી ૮ માં અભ્યાસ કરતા નબળા વિદ્યાર્થીઓને ગામના જાહેર સ્થળે ધોરણ મુજબ અલગ નાના-નાના જૂથમાં બેસાડીને શિક્ષણ કાર્ય (શેરી શિક્ષણ) કર્યું હતું.

**૧.૨ શાળાકીય શૈક્ષણિક કાર્ય :** જ્યારે શાળાઓ શરૂ થઈ અને તેમાં શૈક્ષણિક કાર્ય શરૂ થયું ત્યારે પ્રગતિશીલ શાળા વિકાસ યોજના હેઠળ પસંદ કરેલી શાળાઓમાં જઈને ધોરણ ૧ અને ૨ માં પ્રજ્ઞા અભિગમ દ્વારા વિદ્યાર્થીઓને ભણાવ્યા તથા ધોરણ ૩ થી ૮માં મુખ્યત્વે ગણિત અને વિજ્ઞાન વિષયને પ્રવૃત્તિ દ્વારા ભણાવવાનું કાર્ય કરવામાં આવ્યું હતું.

**૧.૩ અભ્યાસક્રમનું પુનરાવર્તન કાર્ય તથા વાંચન-લેખન-ગણનમાં નબળા વિદ્યાર્થીઓ માટે** (To Reduce learning Loss) **ખાસ શૈક્ષણિક વર્ગો :** કોરોનાની આપત્તિને લીધે શાળાઓ ૨ વર્ષ માટે અનિયમિત ચાલી છે. આ સદર્ભમાં બાળકોની લાંબી ગેરહાજરીથી ધોરણ-૧ થી ૮ ના વિદ્યાર્થીઓની વાંચન-ગણન અને લેખનની શક્તિ નબળી પડી છે તેવા નબળા (Slow Learners) બાળકોને Main Stream માં લાવવા માટે ટ્રસ્ટે ખાસ શૈક્ષણિક વર્ગો શરૂ કર્યા છે.

**૧.૪ સહ અભ્યાસસિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ (Co-curricular activity) નું આયોજન કરવામાં આવ્યું હતું.**

**૧.૫ વિદ્યાર્થીઓ અને શાળાને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.**

**(૨) પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્યમાં અગસ્ત્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશનનો સહયોગ :** અગસ્ત્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશનના સહયોગથી લેબ ઑન બાઇકના - ૩ યુનિટ દ્વારા ધોળકા તાલુકાની ૩૭ પ્રાથમિક શાળાઓમાં વિજ્ઞાન અને ગણિતના વિષયનું પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું.

**(૩) ઑપરેશન વસંતા :** ઓપરેશન વસંતા (OV) કેન્દ્રમાં ગામના સ્થાનિક બાળકો માટે વ્યક્તિત્વ વિકાસની પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

**(૪) આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર :** ટ્રસ્ટના આર્થિક સહયોગથી ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના અંતરિયાળ માયધાર ગામે આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર છેલ્લા ૪ વર્ષ થી કાર્યરત છે. જ્યાં માયધાર ગામની આસપાસ ની પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ દ્વારા વિજ્ઞાન વિષયને શીખવા માટે આવે છે.

**(૫) માઈક્રો સ્કોલરશીપ યોજના :** આ વર્ષે માર્ચ ૨૦૨૨ થી અરવિંદો સોસાયટી, પોન્ડુચરીના ટેકનિકલ સહયોગથી વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી માઈક્રો સ્કોલરશીપ યોજના શરૂ કરવામાં આવી હતી.

આમ અમારા ટ્રસ્ટ દ્વારા ૨૦૨૧-૨૨ ના વર્ષમાં આરોગ્ય અને પ્રાથમિક શિક્ષણક્ષેત્રે વિવિધ પ્રકારના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ કરીને સમાજને ઉપયોગી થવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ટ્રસ્ટ ના ધ્યેયની પ્રાપ્તિ માટે આયોજિત વિવિધ પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમોમાં ટ્રસ્ટને વિવિધ સ્વરૂપે મદદરૂપ થનાર સૌ સજ્જનો, સ્નેહીજનો, મિત્રો તથા શુભેચ્છકોનો અમે ટ્રસ્ટીગણ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.



ગણિત વિષયના મુદ્દાને પ્રવૃત્તિ (Hands on activity) દ્વારા સમજવાનો પ્રત્યન કરતી વિદ્યાર્થીનીઓ

**તારીખ : ૧૭-૦૭-૨૦૨૨**
**સ્થળ : અમદાવાદ**

**શ્રી પ્રકાશ કે. ભગવતી**
**શ્રીમતી અંજના પી. ભગવતી**
**શ્રી અમોલ પી. ભગવતી**

# ગુણવત્તાયુક્ત શિક્ષણ

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વ. પ્રભાવતીબહેન ભગવતીના જન્મ શતાબ્દી વર્ષ ૨૦૧૪માં સ્મૃતિ વંદના અને તેમનાં સ્મરણમાં ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય તે હેતુથી **'પ્રગતિશીલ શાળા વિકાસ'** યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં 'પ્રગતિશીલ શાળા વિકાસ' યોજના હેઠળ પ્રાથમિક શિક્ષણને વધુ ગુણવત્તાલક્ષી બનાવવાના હેતુસર કાર્ય કરવા (To implement) માટે અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાની ૧૩ પ્રાથમિક શાળાઓની ત્રણ તબક્કામાં પસંદગી કરવામાં આવી છે. આ ૧૩ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણને ગુણવત્તાલક્ષી બનાવવાના હેતુને સિધ્ધ (Achieve the goal) કરવા માટે ટ્રસ્ટ દ્વારા દર વર્ષે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું વાર્ષિક આયોજન કરવામાં આવે છે.

## ૧. પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્ય (Activity based learning approach)

**પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્ય કરવા માટે મોબાઇલ યુનિટ :** પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્ય કરવાના હેતુસર ટ્રસ્ટ દ્વારા મોબાઇલ યુનિટની રચના કરવામાં આવી છે. આ યુનિટ માટે યોગ્ય શૈક્ષણિક લાયકાતવાળા અને તાલીમબધ્ધ શિક્ષકોની ટ્રસ્ટમાં ભરતી કરવામાં આવી છે. પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય કરાવવા માટે ટ્રસ્ટના શિક્ષકો નિયમિત રીતે નિયત સમયપત્રક મુજબ શૈક્ષણિક સાધન-સામગ્રી સાથે લઇને પસંદ કરેલી પ્રાથમિક શાળાઓમાં સમયસર પહોંચી શકે તે હેતુથી ટ્રસ્ટે એક પેસેન્જર રીક્ષા પણ વસાવી છે.

**૧. ટ્રસ્ટના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ શિક્ષણકાર્ય :**

**૧.૧. શેરી શિક્ષણ :**

જૂન - ૨૧ થી નવેમ્બર -૨૧ દરમિયાન ગામમાં જઇને ધોરણ ૧ થી ૫ માં અભ્યાસ કરતા નબળા વિદ્યાર્થીઓને બ્રીજ કોર્સ / શાળા તત્પરતા અભ્યાસક્રમમાં આપવામાં આવેલી પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ કાર્ય કરાવવામાં આવ્યું હતું અને જૂન -૨૧ થી ઑગષ્ટ -૨૧ તથા જાન્યુઆરી-૨૨ દરમિયાન શાળાકીય શિક્ષણ કાર્ય બંધ હતું તે સમયગાળામાં વિદ્યાર્થીઓના ગામમાં જઇને બ્રીજ કોર્સ / શાળા તત્પરતા અભ્યાસક્રમમાં આપવામાં આવેલી પ્રવૃત્તિઓ દ્વારા પ્રોજેક્ટની શાળાઓમાં ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતા હોય તેવા **૬૬૦ વિદ્યાર્થીઓને** કે, જેઓ અભ્યાસમાં નબળા હોય તેવા વિદ્યાર્થીઓને શિક્ષણ કાર્ય કરાવવામાં આવ્યું હતું.

૧૨ શાળાના ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી અભ્યાસમાં નબળા (Slow Learners) હોય એવા શાળા દીઠ ૧૦ વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ગણિત વિષયની સ્વઅધ્યયન પોથી ( કુલ ૯૬૦ વિદ્યાર્થીઓને ) ટ્રસ્ટ દ્વારા વિના મૂલ્યે આપવામાં આવી હતી. આ સ્વઅધ્યયન પોથી (Learning Support Literature) લખવામાં ટ્રસ્ટના શિક્ષકો વિદ્યાર્થીઓને મદદરૂપ થયા હતા.









પ્રોજેક્ટની શાળાઓના વિદ્યાર્થીઓ માટે ટ્રસ્ટના શિક્ષકો દ્વારા શેરી શિક્ષણ કાર્ય





**૧.૨. શાળાકીય શૈક્ષણિક કાર્ય :**

ફેબ્રુઆરી -૨૦૨૨થી માર્ચ -૨૨ દરમિયાન બધા જ ધોરણ માટે શાળાકીય શૈક્ષણિક કાર્ય શરૂ થયું તે સમયે પ્રગતિશીલ શાળા વિકાસ યોજના હેઠળ પસંદ કરેલી ૧૩ શાળાઓમાં વારા ફરતી પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય કરવા જવા માટે નિયત સમયપત્રક બનાવીને, દર મહિને એક શાળામાં ૨ દિવસ જઈને શિક્ષણકાર્ય કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન ટ્રસ્ટના શિક્ષકોએ તેમને સોંપેલા ધોરણમાં મુખ્યત્વે ગણિત - વિજ્ઞાન વિષયનું પ્રવૃત્તિ દ્વારા **કુલ ૨૪૫૦ વિદ્યાર્થીઓને** શિક્ષણ કાર્ય કરાવ્યું હતું.



**૧.૩. અભ્યાસક્રમનું પુનરાવર્તન કાર્ય :**

માર્ચ અને એપ્રિલ -૨૦૨૨ના મહિના દરમિયાન ટ્રસ્ટના શિક્ષકો દ્વારા ધોરણ ૩ થી ૮ માં બીજા સત્રના અભ્યાસક્રમનું દ્રઢિકરણ (Consolidation/ Reinforcement) કરાવવા માટે ક્વિઝોલા પધ્ધતિથી (પ્રશ્નો અને તેનાં જવાબો શોધવાની એક પ્રકારની રમત) અભ્યાસક્રમનું પુનરાવર્તન (Revision) કાર્ય પણ કરાવવામાં આવ્યું હતું.

**૧.૪ સહઅભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ (Co-curricular activity) નું અમલીકરણ :**

પ્રગતિશીલ શાળા વિકાસ યોજના હેઠળ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ના સમયગાળા દરમિયાન કેટલીક વર્ચ્યુઅલ અને શાળા કક્ષાએ થઈ શકે તેવી સહઅભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિઓનું મર્યાદિત સંખ્યામાં આયોજન કરવામાં આવ્યું હતું તેની વિગતો કોષ્ટક નંબર -૧ માં આપવામાં આવેલ છે.



શાળા કક્ષાએ આયોજિત વિજ્ઞાન અને ગણિત મેળા માટે વિદ્યાર્થીઓએ બનાવેલ વિવિધ મૉડેલો દર્શાવતા વિદ્યાર્થીઓનો સમૂહ





વિશ્વ માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી નિમિત્તે શાળા કક્ષાએ અભિનય ગીત રજુ કરતા વિદ્યાર્થીઓ

વિશ્વ માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી નિમિત્તે શાળા કક્ષાએ આયોજિત વિવિધ સ્પર્ધાઓના વિજેતા વિદ્યાર્થીઓ પ્રમાણપત્રો અને મેડલ સાથે







શાળા કક્ષાએ આયોજિત વિજ્ઞાન અને ગણિત મેળા માટે વિદ્યાર્થીઓએ બનાવેલ મૉડેલોનું નિદર્શન

**કોષ્ટક નં.- ૧**

## ટ્રસ્ટ દ્વારા સહઅભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ (Co-curricular activity) નું અમલીકરણ

| ક્રમ | મહિનો | પ્રવૃત્તિની વિગત | લાભાર્થીની વિગત |
|---|---|---|---|
| ૧ | ઑગષ્ટ-૨૧ | ટ્રસ્ટની પ્રોજેક્ટની ૩૭ પ્રા.શાળાઓ માટે અગસ્ત્ય ફાઉન્ડેશનના સહયોગથી વર્ચ્યુઅલ વકૃત્વ સ્પર્ધા અને ફોટોગ્રાફી ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. | ૧૧ શાળાના કુલ ૧૮ વિદ્યાર્થીઓએ વકૃત્વ સ્પર્ધા માં ભાગ લીધો હતો.<br>૮ શાળાના કુલ ૧૩ વિદ્યાર્થીઓએ ફોટોગ્રાફી સ્પર્ધા માં ભાગ લીધો હતો. |
| ૨ | સપ્ટેમ્બર-૨૧ | ટ્રસ્ટની પ્રોજેક્ટની ૩૭ પ્રા.શાળાઓ માટે અગસ્ત્ય ફાઉન્ડેશનના સહયોગથી વર્ચ્યુઅલ વાર્તા મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. | ૬ શાળાના કુલ ૮ વિદ્યાર્થીઓએ વાર્તા મેળામાં ભાગ લીધો |
| ૩ | સપ્ટેમ્બર-૨૧ | ટ્રસ્ટની પ્રોજેક્ટની ૩૭ પ્રા.શાળાઓ માટે અગસ્ત્ય ફાઉન્ડેશનના સહયોગથી વર્ચ્યુઅલ ઔષધિય વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. | ૧૩ શાળાના કુલ ૨૫ વિદ્યાર્થીઓએ ઔષધિય વિજ્ઞાન મેળામાં ભાગ લીધો હતો. |
| ૪ | ઓક્ટોબર-૨૧ | ટ્રસ્ટની પ્રોજેક્ટની ૩૭ પ્રા.શાળાઓ માટે અગસ્ત્ય ફાઉન્ડેશનના સહયોગથી નવરાત્રિ અને દિવાળી-૨૦૨૧ નિમિત્તે ૭ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. | ૧૨ શાળાના કુલ ૨૭૫ વિદ્યાર્થીઓએ નવરાત્રિ અને દિવાળી-૨૦૨૧ નિમિત્તે ૭ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. |
| ૫ | ડિસેમ્બર -૨૧ | ટ્રસ્ટના પ્રોજેક્ટની નેસડા પ્રા.શાળામાં અગસ્ત્ય ફાઉન્ડેશનના સહયોગથી વર્ચ્યુઅલ વિજ્ઞાન / ગણિત મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. | ૧૭ વિદ્યાર્થીઓ એ વ્યક્તિગત રીતે મોડેલ રજુ કર્યા હતા.<br>૧૯ મોડેલ બે વિદ્યાર્થીઓએ સાથે મળીને રજુ કર્યા હતા.<br>વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૩૬ મોડેલ રજુ થયા હતા. |
| ૬ | જાન્યુઆરી -૨૨ | ટ્રસ્ટના પ્રોજેક્ટની વેજલકા પ્રા.શાળામાં અગસ્ત્ય ફાઉન્ડેશનના સહયોગથી ગણિત દિવસ ની ઉજવણી નિમિત્તે શાળામાં વકૃત્વ સ્પર્ધા અને ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. | ૧૧ કન્યા અને ૦૯ કુમાર એમ કુલ ૨૦ વિદ્યાર્થીઓએ બન્ને પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. |
| ૭ | ફેબ્રુઆરી -૨૨ | ટ્રસ્ટની પ્રોજેક્ટની ૩૭ પ્રા.શાળાઓ માટે અગસ્ત્ય ફાઉન્ડેશનના સહયોગથી વિશ્વ કેન્સર જાગૃત્તિ દિવસ (૪ ફેબ્રુઆરી) નિમિત્તે વિદ્યાર્થીઓ અને તેમનાં વાલીઓ માટે કેન્સર જાગૃત્તિ માટેનો વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો. | ૭ શાળાના વિદ્યાર્થીઓમાં કુમાર - ૧૩ અને કન્યા - ૧૫ એમ કુલ ૨૮ વિદ્યાર્થીઓ અને તેમનાં વાલીઓએ આ વાર્તાલાપમાં ભાગ લીધો હતો. |
| ૮ | ફેબ્રુઆરી -૨૨ | ટ્રસ્ટના પ્રોજેક્ટની ૧૩ શાળાઓ માટે આંતર શાળાકીય વર્ચ્યુઅલ વિજ્ઞાન / ગણિત મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. | (૧) ૦૧ મોડેલ ત્રણ વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત થયા (૩ વિદ્યાર્થીઓ)<br>(૨) ૨૪ મોડેલ વ્યક્તિગત રીતે પ્રસ્તુત થયા (૨૪ વિદ્યાર્થીઓ)<br>(૩) ૦૮ મોડેલ બે વિદ્યાર્થીઓ એ સાથે મળીને રજુ કર્યા હતા (૧૬ વિદ્યાર્થીઓ)<br>> કુલ મોડેલ ૩૩ રજુ થયા અને (૩+૨૪+૧૬ = ૪૩ વિદ્યાર્થીઓ)<br>> કુલ ૧૬ શિક્ષકોએ ભાગ લીધો<br>> વર્ચ્યુઅલ વિજ્ઞાન / ગણિતના મેળાને ૬૦ વિદ્યાર્થીઓએ નીહાળ્યો હતો.<br>> કુલ ૧૦૩ વિદ્યાર્થીઓએ આ વિજ્ઞાન મેળાનો લાભ લીધો હતો. |
| ૯ | ફેબ્રુઆરી -૨૨ | ટ્રસ્ટના પ્રોજેક્ટની ૧૩ શાળાઓના ધોરણ ૫ થી ૮ ના કુલ ૨૯૦ વિદ્યાર્થીઓ ભાવનગરની વિકાસ વર્તુળ નામની સંસ્થા દ્વારા દર વર્ષે લેવાતી રાજ્યસ્તરની GK-IQ ની સ્પર્ધાત્મક જાહેર પરીક્ષા આપી શકે તે માટે આ વર્ષે પણ ૭ પ્રાથમિક શાળાઓ અને વિકાસ વર્તુળ સંસ્થા, ભાવનગર વચ્ચે ટ્રસ્ટ દ્વારા સંકલન કરવામાં આવ્યું અને ચારેય ધોરણમાં પ્રથમ અને દ્વિતિય ક્રમે આવનાર ૯ વિદ્યાર્થીઓને ટ્રસ્ટ દ્વારા કુલ ૧૪૦૦૦/- ના રોકડ ઇનામ આપવામાં આવ્યા હતા. | ધોરણ - ૫ માં ૩ વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યા.<br>ધોરણ - ૬ માં ૨ વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યા.<br>ધોરણ - ૭ માં ૨ વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યા.<br>ધોરણ - ૮ માં ૨ વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યા. |
| ૧૦ | ફેબ્રુઆરી -૨૨ | ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા ગૌરવ દિવસ- ૨૦૨૨ ની ઉજવણી નિમિત્તે ટ્રસ્ટના પ્રોજેક્ટની ૧૨ શાળાઓમાં વિદ્યાર્થીઓને ગુજરાતી માતૃભાષાનું મહત્વ સમજાય તે માટે શાળા કક્ષાએ વિવિધ ૫ પ્રકારની સ્પર્ધાઓનું ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. | (૧) બાળગીત સ્પર્ધામાં - ધોરણ ૧ થી ૪ : કુલ ૧૯૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.<br>(૨) અભિનય ગીત - ધોરણ ૧ થી ૪ : કુલ ૩૫૮ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.<br>(૩) વકૃત્વ સ્પર્ધા - ધોરણ ૫ થી ૮ : કુલ ૧૪૬ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.<br>(૪) લોકગીત સ્પર્ધા - ધોરણ ૫ થી ૮ : કુલ ૨૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.<br>(૫) ક્વિઝ - ધોરણ ૫ થી ૮ : કુલ ૧૮૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.<br>કુલ ૧૦૯૪ વિદ્યાર્થીઓએ ઉપર જણાવેલ ૫ પ્રકારની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. |



### ૧.૫ વિદ્યાર્થી અને શાળાને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું અમલીકરણ :

પ્રગતિશીલ શાળા વિકાસ યોજના હેઠળ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓ અને શાળાઓને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ના શૈક્ષણિક વર્ષમાં કોવિડ-૧૯ ના વાઈરસના સંક્રમણના ભયના કારણે આ પ્રકારની પ્રવૃત્તિઓનું બહુ મર્યાદિત સંખ્યામાં આયોજન કરવામાં આવ્યું હતું તેની વિગત કોષ્ટક નંબર-૨ માં આપેલી છે.

**કોષ્ટક નં.- ૨**

## વિદ્યાર્થીઓ અને શાળાઓને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી ટ્રસ્ટ દ્વારા આયોજીત શૈક્ષણિક પ્રવૃત્તિઓ

| ક્રમ | મહિનો | પ્રવૃત્તિની વિગત | લાભાર્થીની વિગત |
|---|---|---|---|
| ૧ | જુલાઇ-ઑગષ્ટ-૨૧ | મહિનામાં ૧૩ શાળાઓમાં ૩૫૦૦ ડઝન નોટબુકનું ૫૦ % ના રાહતદરે વિતરણ કર્યુ | ૧૩ શાળાઓના ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા ૨૪૫૦ વિદ્યાર્થીઓ |
| ૨ | જુલાઇ-૨૧ | પ્રોજેક્ટની ખાત્રીપુર પ્રા. શાળાને શાળામાં વિદ્યાર્થીઓને પીવાના પાણીની કાયમી સગવડ ઉભી થાય તે હેતુસર શાળાને ૨૫૦૦૦/- રુપિયાની આર્થિક સહાય કરવામાં આવી હતી. | ખાત્રીપુર પ્રાથમિક શાળાના ૧૮૦ વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકો |
| ૩ | સપ્ટેમ્બર-૨૧ | વન મહોત્સવ-૨૦૨૧ નિમિત્તે ૧૩ શાળાઓને વૃક્ષારોપણ કરવા માટે ૨૧ પ્રકારના ફૂલછોડ અને સુશોભનના વૃક્ષોના ૧૩૧૪ નંગ રોપાઓનું શાળાએ જઇને વિના મૂલ્યે વિતરણ કર્યું. | પ્રોજેક્ટની ૧૩ શાળા |

| ક્રમ | મહિનો | પ્રવૃત્તિની વિગત | લાભાર્થીની વિગત |
|---|---|---|---|
| ૪ | સપ્ટેમ્બર-૨૧ | કોવિડ-૧૯ ને કારણે શાળામાં શિક્ષણકાર્ય બંધ હતું તે દરમિયાન દરેક શાળા તરફથી ધોરણ ૧ થી ૮ માં અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓની યાદી મળેલ હતી તે મુજબ learning loss ઓછો કરવા માટે ટ્રસ્ટે ગણિત અને વિજ્ઞાન વિષયની સ્વઅધ્યયન પોથી ગુજરાત વૈશ્ય સભા, અમદાવાદના આર્થિક સહયોગથી રુપિયા ૨.૨૫ લાખના ખર્ચે ખરીદીને અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓને વિના મૂલ્યે વિતરણ કરી હતી. અને ટ્રસ્ટના શિક્ષકોના માર્ગદર્શનથી વિદ્યાર્થીઓ આ સ્વઅધ્યયન પોથી નિયમિત રીતે ભરતા હતા. | પ્રોજેક્ટની ૧૩ શાળાઓના ધોરણ ૧ થી ૮ના કુલ ૯૫૦ વિદ્યાર્થીઓ |
| ૫ | નવેમ્બર-૨૧ થી એપ્રિલ-૨૨ | પ્રોજેક્ટની ૭ શાળાઓમાં અભ્યાસ કરતા વાંચન - લેખન- ગણનમાં ( પ્રિય વિદ્યાર્થીઓ ) નબળા એવા કુલ ૩૮૭ જેટલા વિદ્યાર્થીઓ માટે ખાસ વર્ગો (Tuition class) શરુ કરવામાં આવ્યા હતા. આ વિદ્યાર્થીઓને સંખ્યા ઓળખ પાકી થાય અને ભાષાની પાયાની પ્રેક્ટીસ (To reduce learning loss) થાય તે માટે ટ્રસ્ટ તરફથી રુપિયા ૪૬૦૦૦/- ના ખર્ચે સાહિત્ય ખરીદ કરીને લેખન કાર્ય અને ગણન કાર્યની પ્રેક્ટીસ કરવા માટે પ્રતિ વિદ્યાર્થી દીઠ બે પુસ્તિકા વિનામૂલ્યે આપવામાં આવી હતી. | ધોરણ ૧ થી ૫ ના ૨૬૬ વિદ્યાર્થીઓને સંખ્યા લેખન ભાગ-૧ તથા અક્ષર લેખન ભાગ-૧ નામની પુસ્તિકા સ્વઅધ્યયન કરવા માટે આપવામાં આવી હતી. ધોરણ ૬ થી ૮ ના ૧૨૧ વિદ્યાર્થીઓને સંખ્યા લેખન ભાગ-૨ તથા અક્ષર લેખન ભાગ-૨ નામની પુસ્તિકા સ્વઅધ્યયન કરવા માટે આપવામાં આવી હતી. |
| ૬ | જાન્યુઆરી-૨૨ થી માર્ચ-૨૨ | શાળાના વિદ્યાર્થીઓ નિયમિત અખબાર વાંચી શકે તે હેતુસર ૧૩ શાળાઓમાં ત્રણ મહિનાના સમયગાળા માટે છાપાઓ નું બીલ ૧૩ શાળાઓને આપ્યું. (૧૩ X ૧૫૦ X 3 = રુપિયા ૫,૮૫૦ /-) | ૧૩ શાળાઓમાં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા ૨૪૫૦ વિદ્યાર્થીઓ |
| ૭ | જાન્યુઆરી-૨૨ | શાળા પ્રવેશોત્સવ સમયે શાળાઓમાં પહેલાં ધોરણમાં પ્રવેશ લેનાર બાળકોને સ્કુલબેગનું વિનામૂલ્યે વિતરણ કર્યું | ૧૩ શાળાઓમાં પહેલા ધોરણમાં પ્રવેશ મેળવેલા ૩૨૫ વિદ્યાર્થીઓ |
| ૮ | જાન્યુઆરી-૨૨ | સ્વ. પ્રભાવતીબહેન ભગવતી કન્યા કેળવણી શિષ્યવૃત્તિ સહાય યોજના હેઠળ કન્યા કેળવણીને પ્રોત્સાહિત ( To Control Drop out ratio) કરવા માટે ધોરણ- ૮ માંથી ૯ માં ધોરણમાં ભણવા ગયેલ વિદ્યાર્થીનીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી. | ૧૦ શાળાઓની ૪૦ વિદ્યાર્થીનીઓને વાર્ષિક રુપિયા ૧૦૦૦ મુજબ કુલ ૩૮૦૦૦/- રુપિયાની સહાય કરવામાં આવી. |
| ૯ | જાન્યુઆરી-૨૨ | સ્વ. પ્રભાવતીબહેન ભગવતી કન્યા કેળવણી શિષ્યવૃત્તિ સહાય યોજના હેઠળ કન્યા કેળવણીને પ્રોત્સાહિત ( To control Drop out ratio) કરવા માટે ધોરણ- ૯ માંથી ૧૦ માં ધોરણમાં ભણવા ગયેલની વિદ્યાર્થીનીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી. | ૧૦ શાળાઓની ૪૩ વિદ્યાર્થીનીઓને વાર્ષિક રુપિયા ૧૦૦૦ મુજબ કુલ ૪૩૦૦૦/- રુપિયાની સહાય કરવામાં આવી. |
| ૧૦ | એપ્રિલ-૨૧ થી માર્ચ-૨૨ | ટ્રસ્ટના આર્થિક સહયોગથી અને અગસ્ત્ય ફાઉન્ડેશન દ્વારા સંચાલિત ટ્રસ્ટના પ્રોજેક્ટના ૧૬ ગામોમાં ઓપરેશન વસંતા (Operation Vasanta - OV) નામના કાર્યક્રમ હેઠળ બાળ વ્યક્તિત્વ વિકાસ કેન્દ્રો શરુ કર્યા છે. આ બાળ વ્યક્તિત્વ વિકાસ કેન્દ્રોમાં બાળકો દિવસમાં બે થી ત્રણ કલાક ગામની શાળામાં કે સ્વંય સેવકના ઘરે શાળાનું લેસન કરવા તથા વિવિધ બાળ વિકાસની પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે કેન્દ્રમાં આવે છે. | પ્રોજેક્ટની ૧૬ શાળાના ૪૦૦ બાળકો |

## ૨. પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્યમાં અગસ્ત્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશનનો સહયોગ

ટ્રસ્ટના આર્થિક સહયોગથી ધોળકા તાલુકાના ૩૪ ગામોમાં અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

**૨.૧ વિજ્ઞાન વિષયને પ્રવૃત્તિ દ્વારા શીખવવાનું કાર્ય :**

અગસ્ત્ય ફાઉન્ડેશન નિર્મિત શૈક્ષણિક સાધન - સામગ્રીનો (Hands on activity Kit) ઉપયોગ કરીને વિજ્ઞાન વિષયને પ્રવૃત્તિ દ્વારા ભણાવવા માટે **Science-Lab on a Bike (LOB) ના ૨ યુનિટ ધોળકા તાલુકાની ૨૪ પ્રાથમિક શાળાઓ** માટે ફેબ્રુઆરી-૨૦૧૯ થી શરૂ કરવામાં આવ્યા છે. આ પ્રવૃત્તિના બન્ને યુનિટ દ્વારા માર્ચ-૨૦૨૨ના અંત સુધીમાં ધોળકા તાલુકાની **૨૪ પ્રાથમિક શાળાઓના** ગામોમાં જઈને (Face to face) **ધોરણ ૬ થી ૮ ના કુલ ૨૫૩૦ વિદ્યાર્થીઓને** પ્રવૃત્તિ દ્વારા વિજ્ઞાન વિષય ભણાવ્યો હતો.










**૨.૨ ગણિત વિષયને પ્રવૃત્તિ દ્વારા શીખવવાનું કાર્ય :**

અગસ્ત્ય ફાઉન્ડેશન નિર્મિત શૈક્ષણિક સાધન-સામગ્રીનો (Hands on activity Kit) ઉપયોગ કરીને ગણિત વિષયને પ્રવૃત્તિ દ્વારા ભણાવવા માટે Mathematics-Lab on a Bike (LOB) નું એક યુનિટ ધોળકા તાલુકાની ૧૩ પ્રાથમિક શાળાઓ માટે સપ્ટેમ્બર-૨૦૧૮ થી શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિના યુનિટ દ્વારા માર્ચ-૨૦૨૨ના અંત સુધીમાં ધોળકા તાલુકાની ૧૦ પ્રાથમિક શાળાઓના **ધોરણ ૬ થી ૮ના કુલ ૮૭૩ વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ** દ્વારા ગણિત વિષય ભણાવ્યો હતો.





## ૩. Operation Vasanta (OV) ની પ્રવૃત્તિ

અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત Operation Vasanta (OV) નામની પ્રવૃત્તિ અંતર્ગત ટ્રસ્ટના આર્થિક સહયોગથી ધોળકા તાલુકાના ૧૬ ગામોમાં OV કેન્દ્રો શરૂ કર્યા છે. ગ્રામીણ બાળકોના સર્વાંગી વિકાસ માટે અને શિક્ષણમાં સમુદાયની ભાગીદારી વધે (Engaging community participation in education) તે હેતુસર આ કેન્દ્રો શરુ કર્યા છે. ખાસ કરીને શાળાઓમાં જયારે શૈક્ષણિક કાર્ય બંધ રહ્યું હતું તે સમયગાળામાં બાળકો માટે OV સેન્ટરની પ્રવૃત્તિઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન દૈનિક ધોરણે આ બધા કેન્દ્રોના થઈને **સરેરાશ ૪૦૦ થી વધારે બાળકોએ કેન્દ્રમાં** આવીને વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.








**ઑપરેશન વસંતા સેન્ટરમાં વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરી રહેલા સ્થાનિક બાળકો**

## ૪. આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધાર (Aavisykar Science Center)

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના અંતરિયાળ ગામ માયધાર ખાતે લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ સણોસરા ટ્રસ્ટ દ્વારા સંચાલિત પંડિત સુખલાલજી લોક વિદ્યાલય કેન્દ્ર, માયધારના પરિસર (Campus) માં જૂન-૨૦૧૯થી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, (Aavisykar Science Center) નો શુભારંભ થયો છે.

અંતરિયાળ માયધાર ગામની આસપાસના પાલિતાણા, તળાજા અને શિહોર તાલુકાની ગ્રામીણ વિસ્તારની ૫૦ થી પણ વધુ પ્રાથમિક શાળાના ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ સ્વખર્ચે અહીંના વિજ્ઞાન કેન્દ્રમાં આવીને, આખો દિવસ રોકાઈને તેમનાં વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમના એકમો (Unit / Lesson) જાતે પ્રવૃત્તિઓ કરીને ભણે છે.

આ વિજ્ઞાન કેન્દ્રમાં તાલિમબધ્ધ યોગ્ય શૈક્ષણિક લાયકાત અને અનુભવી વિજ્ઞાન વિષયના શિક્ષકો દ્વારા રાજ્ય સરકારના અભ્યાસક્રમ મુજબ પ્રવૃત્તિ (Hands on activity Kit) આધારિત વિજ્ઞાન વિષયનું શિક્ષણ આપવામાં આવે છે.

**૧. પ્રવૃત્તિ દ્વારા વિજ્ઞાન વિષયનું શિક્ષણ :**

એપ્રિલ-૨૦૨૧ થી સપ્ટેમ્બર-૨૧ દરમિયાન શાળાકીય શિક્ષણ કાર્ય બંધ હોવાથી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના શિક્ષકો વિદ્યાર્થીઓના ગામમાં જઈને બ્રીજ કોર્સને સંબંધિત પ્રવૃત્તિઓ કરાવીને શિક્ષણ કાર્ય કરતા હતા. આ ૬ મહિનાના સમયગાળા દરમિયાન **ધોરણ ૬ થી ૮ ના કુલ ૪૧૬૬ વિદ્યાર્થીઓને** આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધારના વિજ્ઞાનના શિક્ષકો વિજ્ઞાન વિષયનું શિક્ષણકાર્ય કરાવી શક્યા હતા.

ઑક્ટોબર-૨૦૨૧થી **ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓનું** શાળાકીય શિક્ષણ શરૂ થતા આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રએ નક્કી કરેલ સમય પત્રક મુજબ માયધારની આસપાસના ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાઓએ પોતાના વાહનોમાં દર મહિને વિજ્ઞાન કેન્દ્રમાં પ્રવૃત્તિ દ્વારા વિજ્ઞાન વિષયને શીખવા માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને લાવવાનું શરૂ કર્યું હતું.

આમ, ઑક્ટોબર-૨૧ થી માર્ચ-૨૨ દરમિયાન માયધાર ગામની આસપાસના ત્રણેય તાલુકાની ૫૦ થી વધુ પ્રા. શાળાના ધોરણ ૬ થી ૮ ના કુલ **૫૪૫૪ વિદ્યાર્થીઓ** આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધાર ખાતે આવ્યા હતા ત્યારે કેન્દ્રના શિક્ષકોએ પ્રવૃત્તિ દ્વારા વિજ્ઞાન વિષયનું શિક્ષણકાર્ય કર્યું હતું.



**૨. ‘વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે’ (Vigyan Sarvatra Pujyate) ની ઉજવણી :**

ભારત સરકાર દ્વારા ભારતની આઝાદી ના અમૃત મહોત્સવની ઉજવણી સંદર્ભે **‘વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે’** મુદ્દા આધારિત એક સપ્તાહ સુધી આયોજિત વિજ્ઞાન અંગેના વિવિધ કાર્યક્રમો ના આયોજન માટે સમગ્ર દેશમાં ૭૫ કેન્દ્રોની પસંદગી થઈ હતી તેમાં ગુજરાતના ત્રણ કેન્દ્ર પૈકી લોક ભારતી સણોસરાના લોકવિજ્ઞાન કેન્દ્રની પસંદગી થઈ હતી તેનાં અનુસંધાને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર માયધાર ખાતે **તારીખ : ૨૨ થી ૨૮ ફેબ્રુઆરી - ૨૦૨૨** દરમિયાન **વિજ્ઞાન સપ્તાહ**ની ઉજવણી કરવામાં આવી હતી. આ સપ્તાહ દરમિયાન **વિજ્ઞાન મેળો, આકાશ દર્શન** અને માયધારની આસપાસની પ્રાથમિક શાળાઓમાં વિજ્ઞાન વિષય ભણાવતા શિક્ષકો માટે **એક દિવસીય સંગોષ્ઠી** નું આયોજન કરવામાં આવ્યું હતું. **વિજ્ઞાન મેળામાં ૪૬ શાળાના ૧૫૦ વિદ્યાર્થીઓએ** વિજ્ઞાનને લગતા વિવિધ મૉડેલ પ્રસ્તુત કર્યા હતા. આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં નિયમિત ધોરણે આવતી પ્રાથમિક શાળાઓમાંથી **૪૬ શાળાઓના ૩૧૦૫ વિદ્યાર્થીઓએ આ વિજ્ઞાન મેળાની મુલાકાત લીધી હતી.**








## ૫. માઇક્રો સ્કોલરશીપ યોજના

અરવિંદો સોસાયટી, પોન્ડુચરીના ટેકનિકલ સહયોગથી માર્ચ - ૨૦૨૨ થી ટ્રસ્ટ દ્વારા માઈક્રો સ્કોલરશીપ યોજના શરૂ કરી છે. પ્રગતિશીલ શાળા વિકાસ યોજના હેઠળની શાળાઓમાં ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ દર મહિને પોતાના ધોરણના અભ્યાસક્રમ આધારિત **૫ વિષયની** (ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી અને હિન્દી) ઑનલાઈન ક્વિઝ આપીને પ્રતિ મહિને **રૂપિયા ૧૦૦૦/- ની માઇક્રો સ્કોલરશીપ** મેળવી શકે તેવી તક વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આપવામાં આવી છે. દર મહિને વિદ્યાર્થી પોતાનાં ધોરણના એક વિષયની ૪ ક્વિઝ મુજબ જો **૫ વિષયની કુલ ૨૦ ક્વિઝ** આપે અને આપેલી દરેક ક્વિઝમાં ૮૦% થી વધારે માર્કસ લાવે તો તે વિદ્યાર્થી દર મહિને રૂપિયા ૧૦૦૦/- ની રકમની મહત્તમ શિષ્યવૃત્તિ મેળવી શકે તેવી યોજના શરૂ કરવામાં આવી છે.

આ યોજનાનો મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓ સ્વંય પ્રેરણા (Self-motivation) થી અભ્યાસમાં મહેનત કરીને શ્રેષ્ઠ દેખાવ કરવા પ્રેરાય અને દર મહિને નાની રકમની સ્કોલરશીપ દ્વારા વિદ્યાર્થીને આર્થિક મદદ પણ મળતી રહે તે છે. સ્કોલરશીપની નાની રકમ મળવાની આશાએ દર મહિને લેવામાં આવનાર કસોટી (ક્વિઝ) માટે વિદ્યાર્થીઓ બરાબર તૈયારી કરીને દર મહિને ઑનલાઈન કસોટી (ક્વિઝ) આપતા થાય અને તેનાં માટે વિદ્યાર્થી પોતે જાતે જરૂરી મહેનત કરે અને જરૂર પડે ત્યારે તેનાં વિષય શિક્ષકોનું માર્ગદર્શન મેળવીને જે વિષયમાં જે મુદ્દો ન આવડતો હોય તેને વધારે સારી રીતે સમજવાનો પ્રયત્ન કરતો રહેશે.



**વિદ્યાર્થીઓને માઈક્રો સ્કોલરશીપ યોજના અંગેની જાણકારી શાળામાં આપવામાં આવી રહી છે.**




લાભાર્થીને આનંદદાયી કીટનું વિતરણ

**આનંદદાયી (Happiness Kit) કીટનું વિતરણ :**

કોવિડ-૧૯ ની મહામારીના સમયમાં લોકડાઉનને કારણે ઘણા પરિવારોએ આવકના સ્ત્રોત ગુમાવ્યા હોવાથી તેમનાં પરિવારમાં બે ટંક ભોજનની તકલીફો ઉભી થઇ હતી.અસરગ્રસ્ત ગરીબ જરૂરિયાતમંદ પરિવારોને ભોજન આપવા માટે ઇન્સ્પિરૉન એન્જિનિયરિંગ કંપની દ્વારા અક્ષય પાત્ર નામની સંસ્થાને દાન આપવામાં આવ્યું હતું. કંપની દ્વારા આપવામાં આવેલ દાનની રકમમાંથી અક્ષયપાત્ર સંસ્થાએ ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓ દ્વારા જરૂરિયાતમંદ (Vulnerable Families) પરિવારોને **૫૪૫ નંગ આનંદદાયી કીટનું** વિતરણ કરવામાં આવ્યું હતું. આ આનંદદાયી કીટમાં અનાજ/કરીયાણું અને શરીરને પોષણ મળી રહે તેવી વસ્તુઓ, રોગ પ્રતિકારક શક્તિ મેળવવાની વસ્તુઓ,બાળકોને ભણવામાં ઉપયોગી થાય તેવી વસ્તુઓ અને અંગત સ્વચ્છતા માટેની વિવિધ ચીજ-વસ્તુઓ મળીને કુલ ૨૦ જેટલી વસ્તુઓનો આ આનંદદાયી કીટમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. **૫૪૫ નંગ આનંદદાયી કીટ બરાબર ૫૪૫ લાભાર્થીઓ માટે કુલ ૧૦,૯૦૦ ટંક ભોજન જેટલી** સામગ્રી થાય છે.

> **“ અમારી શાળામાં આવતા બાળકોના વાલીઓ કોરોના કાળમાં આર્થિક રીતે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યાં હતા. એમના માટે આ હેપીનેસ કીટ ખૂબ જ ઉપયોગી બની તેમ જ જીવન જરૂરિયાતમાં ખૂબ જ મદદરૂપ થઇ છે. હેપીનેસ કીટ મેળવ્યા બાદ બાળકો અને વાલીઓ ખૂબ આનંદની લાગણી અનુભવી રહ્યા છે. શાળાનો સ્ટાફ, ગ્રામજનો અને સ્કૂલ મેનેજમેન્ટ કમિટિ આપની કંપનીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે. ”**
>
> **આચાર્યશ્રી,**
> **પે-સેન્ટર પ્રાથમિક શાળા**
> **સેક્ટર - ૬, ગાંધીનગર**
>
> **આચાર્યશ્રી,**
> **માણસા પ્રાથમિક કન્યા શાળા નં-૨**
> **મુ. માણસા, જિ. ગાંધીનગર**

## શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકા

શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકાનું ધ્યેય (Vision) અને કાર્ય (Mission) નીચે મુજબ છે.

**ધ્યેય** (Vision) : પ્રભુએ બક્ષેલ માનવ જીવન અમુલ્ય છે, તેના સ્વાસ્થ્યની માવજત અને સુખાકારી માટે શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ આધુનિક ટેકનૉલૉજી, નિષ્ણાત તજજ્ઞો અને ગુણવત્તા અને અનુકંપાસભર આરોગ્યલક્ષી સેવાઓ, આર્થિક રીતે નબળી ગ્રામીણ પ્રજાને ધર્મ અને જાતિના ભેદભાવ વગર રાહત દરે આપતી રહેશે.

**કાર્ય** (Mission) : શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકા અને તેની પડોશમાં રહેતી આર્થિક રીતે નબળી ગ્રામીણ પ્રજાની આરોગ્ય સુખાકારી અંતર્ગત સ્ત્રીરોગ, બાળરોગ અને અન્ય રોગ માટેની અદ્યતન તબીબી સેવાઓ પૂરી પાડશે. હૉસ્પિટલમાં, આ સેવાઓ આપતા નિષ્ણાત તજજ્ઞો અને સ્ટાફના સભ્યો દર્દીની સારવાર દરમિયાન અનુકંપા અને પારદર્શિતા દાખવતો વ્યવહાર કાયમ માટે જાળવશે.



હૉસ્પિટલ દ્વારા સંચાલિત રાહત દરે દવાઓના વેચાણ માટેનું કેન્દ્ર

અમદાવાદ જિલ્લાના ધોળકા શહેરના નગરજનો અને શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારના જન સમુદાયને આરોગ્યલક્ષી સેવાઓની અદ્યતન સુવિધાઓ રાહત દરે મળી રહે તે હેતુથી, **છેલ્લા ૫૩ વર્ષથી** શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકામાં પ્રસુતિ અને સ્ત્રી રોગ સારવારનો વિભાગ, બાળરોગ નિદાન અને સારવાર, ફિઝિશિયન (Physician) અને મેડિસિન વિભાગ અને ચામડીના રોગના નિદાનનો વિભાગ કાર્યરત છે. આ ઉપરાંત હૉસ્પિટલમાં તમામ પ્રકારના સામાન્ય દર્દીની તપાસ, નિદાન અને સારવાર પણ કરવામાં આવે છે તથા દર્દીને વધુ સઘન સારવારની જરૂર જણાય તો દર્દીને ક્યાં વધુ સારી અને યોગ્ય સારવાર મળી રહેશે, તે અંગેનું યોગ્ય માર્ગદર્શન અને સલાહ પણ અત્રેથી આપવામાં આવે છે.

દર્દીઓના રોગના નિદાન માટે જરૂરી એવા વિવિધ પેથૉલૉજી ટેસ્ટ ધોળકા શહેરની સ્થાનિક અન્ય હૉસ્પિટલોની પેથૉલૉજી લેબોરેટરી કરતાં શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલમાં જ આવેલી પેથૉલૉજી લેબોરેટરીમાં દર્દીને જરૂરી એવા બધા જ ટેસ્ટ રાહત દરે કરી આપવામાં આવે છે. શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલની દવાની દુકાનેથી દર્દીઓને જરૂરી દવાઓ રાહત દરે આપવામાં આવે છે.

છેલ્લા ૫૩ વર્ષથી ખૂબ જ રાહત દરે સ્ત્રી રોગ નિદાન અને તેની સારવાર કરવા માટે શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ ધોળકા શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં જાણીતી છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન હૉસ્પિટલના પ્રસુતિગૃહમાં **કુલ ૧૮૩૭ બાળકોના જન્મ** થયા છે, **દર મહિને સરેરાશ ૧૫૩ બાળકોના જન્મ થયા છે** અને તેમાં માતા તેમજ નવજાત શિશુના સ્વાસ્થ્ય અંગે લેવાતી પુરતી કાળજીના કારણે **માતાનો મૃત્યુદર શૂન્ય રહ્યો** છે અને બાળ મૃત્યુદરમાં નોંધપાત્ર અંકુશ જોવા મળેલ છે. **રાજ્ય સરકારનો નવજાત શિશુના મૃત્યુદર અંગેનો લક્ષ્યાંક ૧૦૦૦ બાળકે ૪૦ નો છે. આ વર્ષે શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલમાં ૧૦૦૦ નવજાત શિશુએ મૃત્યુદર માત્ર ૧ સંખ્યામાં સિમિત રહેલ છે જે આપણાં સૌ** માટે આનંદ અને ગૌરવની વાત છે.



હૉસ્પિટલમાં જન્મતા દરેક બાળકને હૉસ્પિટલ તરફથી બેબીસેટ (પ્લાસ્ટિકની ગોદડી, ઝભલું, લંગોટ અને ટોપી) વિના મૂલ્યે શુભેચ્છા રૂપે ભેટ આપવામાં આવે છે.



હૉસ્પિટલ ખાતે નવો શરૂ કરેલો એક્સ-રે વિભાગ

**શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન થયેલી મુખ્ય પ્રવૃત્તિઓ :**

**૧. હૉસ્પિટલનું નવીનીકરણ :** શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકા ખાતે સારવાર લેવા આવનાર દર્દીઓને અદ્યતન અને અલ્ટ્રા મૉર્ડન ટેકનૉલૉજીની મદદ થી વધારે સારી સારવાર અને સગવડો મળી રહે તેવા પ્રયાસો હૉસ્પિટલના ટ્રસ્ટીગણ તરફથી સતત કરવામાં આવે છે. આ વર્ષે દર્દીઓને હૉસ્પિટલમાં વધુ સારી સુવિધાઓ મળી રહે અને સાથે સાથે દર્દીઓને અદ્યતન સારવાર પણ મળી રહે તે માટે હૉસ્પિટલના ઓ.પી.ડી. વિભાગના મકાનનું વિસ્તરણ (EXPANSION) અને નવીનીકરણ (RENOVATION) કરવામાં આવી રહ્યું છે.

આ વર્ષે ફેબ્રુઆરી-૨૦૨૨ થી હૉસ્પિટલમાં નવો એક્સ-રે વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. હૉસ્પિટલમાં આવતા દર્દીઓને રાહત દરે આ વિભાગની જરૂરી સેવાઓ પ્રાપ્ત થશે. આ વિભાગમાં અદ્યતન એક્સ-રે મશીન ખરીદવા માટે હૉસ્પિટલને ધોળકા નગરપાલિકા તરફથી દાન પ્રાપ્ત થયું છે.

હૉસ્પિટલમાં આવનાર દર્દીઓ તેમના વાહનો હૉસ્પિટલના કેમ્પસમાં સારી રીતે મૂકી શકે તે માટેની વધારે વિશાળ પાર્કિંગ વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

**૨. સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પ :**શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ દ્વારા દર વર્ષે નિયમિત રીતે ધોળકા શહેરની આસપાસના ગામોમાં **સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પનું** આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ધોળકા શહેરની આસપાસના **૧૪ ગામોમાં કુલ ૧૪ સર્વ રોગ નિદાન** અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં આવનાર દરેક દર્દીઓને જરુરી એવી દવા, પેથૉલૉજી ટેસ્ટ, ECG તપાસ તથા અન્ય આરોગ્ય સેવાઓ વિનામૂલ્યે આપવામાં આવી હતી. **આ કેમ્પમાં કુલ ૮૯૭ દર્દીઓએ જરૂરી એવી** વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો.

તારીખ : ૦૬-૦૩-૨૦૨૨ના રોજ શ્રીમતી સંતોકબા ભગવતીના સ્મરણાર્થે હૉસ્પિટલ ખાતે સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. **આ કેમ્પમાં વિવિધ રોગના ૨૦૦ દર્દીઓને** તપાસીને વિનામૂલ્યે દવા આપવામાં આવી હતી.

**૩.સ્ત્રી રોગ નિદાન અને સારવાર તથા જાગૃતિ કેમ્પ :** શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ ના સ્ત્રીરોગ ચિકિત્સા વિભાગ દ્વારા વર્ષોથી મહિલા દર્દીઓની રાહત દરે ઉત્તમ સારવાર કરવામાં આવી રહી છે, તેનાં અનુસંધાને હૉસ્પિટલ દ્વારા આ વર્ષે **કુલ ૪ સ્ત્રી રોગ નિદાન અને સારવાર કેમ્પનું** આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં **૧૧૭ મહિલા દર્દીઓએ** આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો.

ધોળકા તાલુકાના ૨૦ ગામોના આશાવર્કર, આંગણવાડી વર્કર, ગ્રામીણ સગર્ભા મહિલાઓ તથા તેમના પરિવારના સભ્યોને આરોગ્ય વિષયક માહિતી જેવી કે, જુદા જુદા રોગો વિશેની જાણકારી, સંપૂર્ણ - સમતોલ ખોરાક લેવા બાબતે, શરીરની સ્વચ્છતા રાખવા અંગે જેવી સ્વાસ્થ્ય સારૂ રાખવા બાબતની વિવિધ જાણકારી આપવામાં આવી હતી.

આ કેમ્પ દરમિયાન જરુરિયાતમંદ મહિલાઓને આયર્નની ગોળીઓ, કેલ્શિયમની ગોળીઓ અને ફોલિક એસિડની ગોળીઓનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

**૪. સ્ત્રી રોગ (ગર્ભાશયના ઓપરેશન) સારવાર કેમ્પ :** શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ વર્ષોથી સ્ત્રીરોગ ચિકિત્સા વિભાગ દ્વારા લાખો સ્ત્રીઓની સારવાર કરી રહી છે તેનાં ભાગરૂપે ગર્ભાશયની તકલીફ વાળી મહિલાઓ માટે તદ્દન રાહત દરે ગર્ભાશયના ઑપરેશન (Hysterectomy surgery) કરવા માટેના **૩ કેમ્પનું આયોજન** હૉસ્પિટલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ત્રણેય કેમ્પ દરમિયાન **૨૭ મહિલા દર્દીઓએ** ગર્ભાશયના ઑપરેશન કરાવ્યા હતા.



હૉસ્પિટલ ખાતે નવજાત શિશુઓ (A Neonatal Intensive Care Unit -NICU) ની સારવારનો વિભાગ



હૉસ્પિટલ દ્વારા આયોજિત સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પ

**૫. હૉસ્પિટલના વિવિધ વિભાગો દ્વારા દર્દીઓને આપવામાં આવેલી સારવાર :**

**કોષ્ટક નં.-૩**


### શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલમાં આવેલા દર્દીઓને આપવામાં આવેલી સારવારની માહિતી

| ક્રમ | વિભાગ વાર દર્દીઓને આપવામાં આવેલ સારવારની માહિતી | છેલ્લા ૩ વર્ષ દરમિયાન સારવાર લીધેલ દર્દીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | **ઈનડોર કેસોની સારવારની વિભાગવાર સંખ્યા** | **૨૦૧૯-૨૦** | **૨૦૨૦-૨૦૨૧** | **૨૦૨૧-૨૨** |
| ૧ | સામાન્ય પ્રસૂતિ | ૧૩૨૦ | ૧૧૫૯ | ૧૨૫૮ |
| ૨ | સિઝિરિયન પ્રસૂતિ | ૪૭૭ | ૬૬૫ | ૫૭૯ |
| ૩ | કુંટુંબ નિયોજનના ઑપરેશન | ૮૩ | ૯૧ | ૧૨૫ |
| ૪ | ગર્ભાશયની કોથળીનું ઑપરેશન | ૬૬ | ૫૭ | ૨૭ |
| ૫ | અન્ય ઑપરેશન | ૩૦૮ | ૩૨૯ | ૩૮૭ |
| ૬ | અન્ય સારવાર માટે દાખલ થયેલ દર્દીઓ | ૦૦ | ૦૦ | ૧૩૦૮ |
| | **સારવાર આપવામાં આવેલ કુલ ઈનડોર દર્દીઓની સંખ્યા** | **૨૨૫૪** | **૨૩૦૧** | **૩૬૮૪** |
| | **આઉટડોર કેસોની વિગતવાર સંખ્યા** | | | |
| ૧ | પ્રસૂતિ અને સ્ત્રી રોગ વિભાગ | ૨૯૬૭૮ | ૨૬૦૮૧ | ૩૦૬૭૦ |
| ૨ | બાળરોગ નિદાન વિભાગ | ૧૦૬૭૭ | ૮૩૦૨ | ૧૦૮૩૭ |
| ૩ | ફિઝિશન (Physician) વિભાગ | ૪૦૮૮ | ૨૫૬૨ | ૪૫૧૨ |
| ૪ | ચામડીના રોગ નિદાન વિભાગ | ૩૫૦૪ | ૨૭૫૭ | ૨૯૭૪ |
| | **સારવાર આપવામાં આવેલ કુલ આઉટડોર દર્દીઓની સંખ્યા** | **૪૭૯૪૭** | **૩૯૭૦૨** | **૪૮૯૯૩** |

## આભાર દર્શન

**અમારા ટ્રસ્ટના વિવિધ લોક ઉપયોગી કાર્યક્રમો અને પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણમાં નીચે જણાવેલ સંસ્થાઓ અને મહાનુભાવોનો વિવિધ સ્વરૂપે ટ્રસ્ટને સાથ - સહકાર પ્રાપ્ત થયો છે તે બદલ ટ્રસ્ટીગણ સૌનો હૃદયપૂર્વક આભાર માને છે.**

- ડૉ. અરુણભાઈ દવે, મેનેજીંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા, જિ. ભાવનગર
- માનનીય શ્રી પ્રકાશભાઈ એ. વણકર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ધોળકા.
- અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, બેંગલુરૂ, કર્ણાટક.
- Sri Aurobindo Society, Puducherry
- શ્રી ખોડુભાઈ એન. પઢિયાર, પ્રમુખશ્રી, અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ
- શ્રી અણદુભાઈ બી. ડાભી, પ્રમુખશ્રી, ધોળકા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ
- માનનીય સર્વ ટ્રસ્ટીગણ, શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકા
- માનનીય પ્રમુખશ્રી તથા નગરપાલિકાના સૌ માનનીય સભ્યશ્રીઓ, ધોળકા નગરપાલિકા
- સર્વ આચાર્યશ્રીઓ પ્રાથમિક શાળા ખાત્રીપુર, શેખડી, રનોડા, રીડપુરા, સીમેજ, સાંગ, ભુંભલી, કેસરગઢ, શિહોરીપુરા, વેજલકા, જાખડા, જવારજ અને અરણેજ
- ઈન્સ્પિરૉન એન્જિનયરિંગ પ્રા. લિ., અમદાવાદ
- પ્રમોલ ટ્રેડર્સ હોલ્ડીંગ્સ પ્રા. લિ., અમદાવાદ
- Wealth First Portfolio Managers Limited, Ahmedabad
- શ્રી ગુજરાત વૈશ્ય સભા, અમદાવાદ
- શ્રી રાજેશભાઈ આર. શાહ, અમદાવાદ
- શ્રી ચંદ્રકાંતભાઈ કે. ઠક્કર, અમદાવાદ
- શ્રી પરાગભાઈ કમલભાઈ શાહ, અમદાવાદ
- શાહ એન્ડ શાહ એસોસિએટ, અમદાવાદ



ડૉ. વિજયકુમાર કૌશલએ BRS, B.Ed., MSW, LLB, M.Phil. અને Ph.D. સુધીનો ઉચ્ચ અભ્યાસ કર્યો છે. વર્ષ ૨૦૧૨માં તેઓએ National Eligibility Test (NET) for Lectureship ની પરીક્ષા પાસ કરી છે. વર્ષ ૧૯૮૭ થી વિક્રમ સારાભાઈ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઈન્ટરેક્શન (VIKSAT) નામની અમદાવાદ સ્થિત પ્રતિષ્ઠિત સ્વૈચ્છિક સંસ્થામાંથી તેમની વ્યવસાયિક કારકિર્દી શરૂ કરી હતી. વિકસતમાં વન અને પર્યાવરણ યુનિટના પ્રોગ્રામ કૉઑર્ડિનેટર તરીકે ૩૧, જુલાઈ ૨૦૧૭ સુધી કાર્યરત રહ્યા. વર્ષ ૧૯૯૦ થી ૧૯૯૪ દરમિયાન શ્રી જે. સી. કુમારપ્પા ગ્રામ વિદ્યાપીઠ, ગઢડા (સ્વામીના) જિ. ભાવનગરની BRS (ગ્રામ વિદ્યા વિશારદ) કોલેજમાં ઇન્ચાર્જ આચાર્ય તરીકે રહીને અધ્યાપન કાર્ય કર્યું હતું.

**કુદરતી સંસાધનો થકી ટકાઉ વિકાસ અને શિક્ષણ ક્ષેત્રે તેઓ ૩૫ વર્ષનો બહોળો** અનુભવ ધરાવે છે. તેઓ સપ્ટેમ્બર, ૨૦૧૭માં શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટમાં પ્રોગ્રામ મેનેજર તરીકે જોડાયા. ટ્રસ્ટની, શિક્ષણ અને ગ્રામ વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના આયોજન અને અમલીકરણ માટે ટ્રસ્ટના કાર્યકરોની ટીમને માર્ગદર્શન આપી રહ્યા છે.

**સંપર્ક : મો.** : ૯૮૨૫૪ ૧૫૩૧૯, Email : vkaushal2000@gmail.com



### ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ કાયદો, ૧૯૫૦ પરિશિષ્ટ-૮ (જુઓ નિયમો - ૧૭-૧)
### શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
### તા. ૩૧.૩.૨૦૨૨ના રોજનું સરવૈયું.

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ
Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005

| ફંડ અને જવાબદારીઓ | રકમ (રૂા.) | મિલકત અને અસ્કયામતો | રકમ (રૂા.) |
|---|---|---|---|
| સ્થાપિત ફંડ | ૧,૦૦૧ | કાયમી અસ્કયામતો | ૬,૬૬,૮૬૦ |
| અંકિત કરેલા ફંડ | ૩૦,૦૦,૦૦૦ | રોકડ અને બેંક અવેજ | ૪૩,૧૯,૯૫૧ |
| ઉપજ અને ખર્ચ ખાતું | ૧૮,૪૪,૮૪૮ | અન્ય ચાલુ અસ્કયામતો | ૧૩,૧૮૨ |
| અન્ય ચાલુ જવાબદારીઓ | ૧,૫૪,૧૪૪ | | |
| **કુલ** | **૪૯,૯૯,૯૯૩** | **કુલ** | **૪૯,૯૯,૯૯૩** |

### ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ કાયદો, ૧૯૫૦ પરિશિષ્ટ-૯ (જુઓ નિયમો - ૧૭-૧)
### શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
### તા.૩૧.૩.૨૦૨૨ ના રોજ પૂરા થયેલ વર્ષ માટેનો ઉપજ-ખર્ચનો હિસાબ

| ખર્ચ | રકમ (રૂા.) | ઉપજ | રકમ (રૂા.) |
|---|---|---|---|
| વહીવટી ખર્ચાઓ | ૮,૪૩,૩૫૭ | વ્યાજની આવક | ૨,૦૯,૪૯૮ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનો ખર્ચ | ૪૫,૯૪,૬૧૯ | મળેલ દાન | ૩૭,૦૨,૦૦૧ |
| ઘસારા ખાતેની જોગવાઈ | ૧,૦૭,૫૬૬ | અન્ય આવક | ૩૩૬ |
| | | ઉપજ કરતા ખર્ચનો વધારો જે સરવૈયામાં લઈ ગયેલ તે | ૧૬,૩૩,૭૦૭ |
| **કુલ** | **૫૫,૪૫,૫૪૨** | **કુલ** | **૫૫,૪૫,૫૪૨** |

### ટ્રસ્ટના હેતુઓ અંગેના ખર્ચની વિગત

| ક્રમ | વિગત (રૂા.) | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧ | શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટ દ્વારા થયેલ ખર્ચ | ૪૪,૭૨,૯૪૯ |
| ૨ | ગરીબ સહાય પ્રવૃત્તિઓ નો ખર્ચ (અનાજ કરિયાણાની કીટનું વિતરણ) | ૧,૨૧,૬૭૦ |
| | **કુલ ખર્ચ** | **૪૫,૯૪,૬૧૯** |

**૧ એપ્રિલ ૨૦૨૧ થી ૩૧ માર્ચ ૨૦૨૨ દરમિયાન નીચેના દાતાઓ તરફથી ટ્રસ્ટને અનુદાન મળેલ છે.**

| ક્રમ | દાતાનું નામ | સ્થળ | રકમ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | ઈન્સ્પિરૉન એન્જિનિયરિંગ પ્રા. લિ. | અમદાવાદ | ૧૬,૦૦,૦૦૦ |
| ૨ | પ્રમોલ ટ્રેડર્સ હૉલ્ડીંગ્સ પ્રા. લિ. | અમદાવાદ | ૫,૦૦,૦૦૦ |
| ૩ | શ્રીમતી અંજનાબેન પી. ભગવતી | અમદાવાદ | ૪,૫૦,૦૦૦ |
| ૪ | Wealth First Portfolio Managers Limited | અમદાવાદ | ૪,૦૦,૦૦૦ |
| ૫ | શ્રી પરાગભાઈ કમલભાઈ શાહ | અમદાવાદ | ૩,૫૦,૦૦૦ |
| ૬ | શ્રી ચંદ્રકાંતભાઈ કે. શાહ | અમદાવાદ | ૧,૦૧,૦૦૦ |
| ૭ | શાહ એન્ડ શાહ એસોસિએટ | અમદાવાદ | ૧,૫૧,૦૦૦ |
| ૮ | શ્રી રાજેશભાઈ આર. શાહ | અમદાવાદ | ૧,૦૦,૦૦૧ |
| ૯ | એક સદ્‌ગૃહસ્થ તરફથી | અમદાવાદ | ૫૦,૦૦૦ |
| | **કુલ રકમ** | | ૩૭,૦૨,૦૦૧ |